## <u>વિજાપુરના એડી.ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં વિજાપુર</u>

ક્રિમીનલ કેસ નં. ૯૭૫/૨૦૨૫

ફરીયાદી:– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ (૧) વાઘરી કિરીટભાઈ માધાભાઈ ખુમાભાઈ
(૨) વાઘરી લાલાભાઈ રમેશભાઈ શંભુભાઈ
(૩) વાઘરી કિશનભાઈ બચુભાઈ મંગળભાઈ
રહેવાસી–તમામ–કુકરવાડા, તા.વિજાપુર, જીલ્લો–મહેસાણા

ગુનો – જુગાર ધારા ની કલમ–૧૨ મુજબ.

### <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ઓ જાહેર માં પાના પતી નો હાર જીત નો જુગાર રમતા પકડાઈ જતા, તેઓ વિરુધ્ધ ફરીયાદી ના ઓ એ ફરીયાદ આપતા, આંક–૧ વા ળુ ુચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપી ઓ ન ુનિવેદન નોધવામા ંઆવતા આરોપી ઓ એ પોતાની સામે ના આક્ષેપિત ગુન નો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. આરોપી ઓ એ ગુના કબુલાત પુરશીશ રજુ રાખી જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ વિરૂધ્ધ ના આ ગુના અંગેના આક્ષેપો સંપુર્ણ ખરા નથી. તે ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડ–માંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે. જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩)આરોપી ઓ ને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતા ંગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપી ઓ ની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપી ઓ ને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમાં લેતા, આરોપી ઓ તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી ઓ કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપી ઓ ના કથીત

કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપી ઓ એ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમાં લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્રિ ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપી ઓ ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી, આરોપી ઓ ની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્ર પણે માને છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપી ઓ ને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુજળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપી ઓ ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારા ની કલમ–૧૨ મુજબ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી **પ્રત્યેક આરોપી ઓ એ રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) કુલ દંડ રૂ.૬૦૦/– (અંકે રૂપિયા છસ્સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની શિક્ષા ભોગવવી.

મુદ્દામાલ નાણાંનો અપીલ સમય બાદ શ્રી સરકાર ખાતે જમા કરાવવા તથા બાકીનો મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા રીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬

(ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ)
એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ,
વિજાપુર જી.જે.૦૧૨૨૮